" સમાચાર નહીં, સાહસની વાર્તા "

# ટ્રેન્ડ ગુજરાત

Daily Trend Gujarat

તંત્રી-માલિક-પ્રકાશક: **રીજવાન મનસુરી** ● PRGI Registration Number : GJGUJ/25/A3847 ● E-mail : trendgujarat024@gmail.com ● Web www.trendgujarat.tmlive.in

● Year : 01 ● Edition : 22 ● Date 01-1-2026, **Thursday** ● Page : 4 ● Price : Rs.1 ● Annual : Rs. 360 ● Editor : RIJVAN MANSURI Mo: 9913720273

# નવા વર્ષ પહેલા મેઘરાજાનું આગમન!



વર્ષ ૨૦૨૫ના અંતિમ દિવસે પણ ગુજરાત પર માવઠાનો માર થયો છે. રાજ્યના અનેક જિલ્લાઓમાં કમોસમી વરસાદ પડતાં ખેડૂતોના શ્વાસ અધ્ધર થઈ ગયા છે. આજે (૩૧ ડિસેમ્બર)ની રાત્રે અમદાવાદમાં અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદી ઝાપટાં પડ્યા છે જેથી ૩૧જંની પાર્ટીના આયોજકોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.૩૧ ડિસેમ્બરની રાત્રે અમદાવાદના હવામાનમાં એકાએક પલટો આવ્યો હતો અને કાળા ડિબાંગ વાદળો છવાઈ ગયા હતા. ત્યારબાદ બોપલ, સરખેજ, વેજલપુર, પ્રહલાદનગર, મકરબા, થલતેજ, સેટેલાઈટ, પાકવાન ચાર રસ્તા, ઘુમા સહિત સમગ્ર એસ.જી. હાઈવે પર સામાન્ય વરસાદ પડ્યો હતો. વર્ષના છેલ્લા દિવસે શહેરમાં અનેક પાર્ટી પ્લોટમાં ઉજવણીનું આયોજન કરાયું છે. પણ વરસાદી વાતાવરણ બની જતાં આયોજકો હાંફળાફાંફળા થઈ ગયા છે. રંગમાં ભંગ પડે તેવી સ્થિતિ વચ્ચે પણ નવા વર્ષને આવકારવા યુવાધનનો 'જોશ હાઈ' છે

આજે વહેલી સવારથી જ સમગ્ર પંથકમાં કાળા ડિબાંગ વાદળો છવાયા હતા. ત્યારબાદ પોરબંદર શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં હળવા વરસાદી ઝાપટા પડ્યા હતા. દ્વારકા જિલ્લાના કલ્યાણપુર, જામખંભાળિયા અને આસપાસના ગામોમાં પણ ઝરમર વરસાદને કારણે રસ્તાઓ ભીના થયા હતા. માવઠાને કારણે વાતાવરણમાં એકાએક ઠંડક પ્રસરી ગઈ છે.

ભર શિયાળે પડેલા આ વરસાદને કારણે સૌથી વધુ ચિંતા જગતનો તાત (ખેડૂતો) અનુભવી રહ્યો છે. હાલમાં રવિ પાક તેની મુખ્ય અવસ્થામાં છે, ત્યારે આ માવઠું નુકસાનકારક સાબિત થઈ શકે છે. જીરું અને ચણાના પાકોમાં ફૂગ આવવાની અને પાક બળી જવાની ભીતિ છે. તૈયાર થવા આવેલા ધાણા અને ઘઉંના પાકને પણ આ વરસાદથી નુકસાન થવાની શક્યતા છે. માર્કેટિંગ યાર્ડમાં ખુલ્લામાં પડેલી ખેડૂતોની જણસ પલળી ન જાય તે માટે સત્તાધીશો દ્વારા તાકીદની સૂચનાઓ આપવામાં આવી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર હેઠળ હજુ આગામી ૨૪ કલાક દરમિયાન કચ્છ, જામનગર, મોરબી, બનાસકાંઠા અને પાટણ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવો વરસાદ પડી શકે છે.વાદળછાયા વાતાવરણ અને ભેજને કારણે રાજયના મોટાભાગના શહેરોમાં લઘુત્તમ તાપમાનમાં વધારો નોંધાયો છે, જેનાથી ઠંડીમાં આંશિક રાહત મળી છે. આ દરમિયાન ગત રાત્રિના અમદાવાદમાં ૧૪.૮ ડિગ્રી સાથે સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં ૨.૬ ડિગ્રીનો વધારો નોંધાયો હતો. રાજયમાંથી અન્યત્ર નલિયામાં ૧૨.૬, અમરેલીમાં ૧૩.૨, ગાંધીનગરમાં ૧૪, રાજકોટમાં ૧૪.૨, વડોદરામાં ૧૫, ભાવનગરમાં ૧૫.૬, સુરત-ભુજમાં ૧૫.૭ ડિગ્રી સરેરાશ લઘુતમ તાપમાન નોંધાયું હતું.

## સાયબર ગુનાઓ સામે સાવચેતી એ જ સૌથી મોટું શસ્ત્ર: પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં સાયબર ફ્રોડ અંગે ગંભીરતા પૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. ડિજિટલ યુગમાં ટેકનોલોજીના માધ્યમથી આચરવામાં આવતા આવા ગંભીર ગુનાઓ સામે સાવચેતી એ જ સૌથી મોટું શસ્ત્ર છે, તેમ પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું.નવા વર્ષના હર્ષોલ્લાસ વચ્ચે રાજ્યના નાગરિકો ડિજિટલ છેતરપિંડીનો ભોગ ન બને તે માટે સચેત રહેવા રાજ્ય સરકાર વતી પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ નાગરીકોને અપીલ કરી છે. તેમણે કહ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ કોઈપણ પ્રકારના સાયબર ફ્રોડથી નાગરિકોને બચવવા સાયબર ક્રાઈમ ટીમ ૨૪૭ કાર્યરત છે.

સરકાર ટેકનોલોજીના માધ્યમથી તમામ નાગરીકોને સુરક્ષા પૂરી પાડી રહી છે, પરંતુ નાગરિકોએ પણ તકેદારી રાખવી જરૂરી છે. જો કોઈ નાગરિક આકસ્મિક રીતે સાયબર ફ્રોડનો ભોગ બને, તો વિલંબ કર્યા વગર તુરંત ૧૯૩૦ નંબર પર કોલ કરીને પોતાની ફરિયાદ નોંધાવવાથી સાયબર ફ્રોડને અટકાવી શકાય છે.પ્રવક્તા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક દિવસોથી વોટ્સએપ અને અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શંકાસ્પદ લિંક્સ ફરતી થઈ છે. જેમાં તમારા નામનું સ્પેશિયલ કાર્ડ જુઓ અથવા ફ્રી ગિફ્ટ મેળવવા લિંક ખોલો જેવા આકર્ષક મેસેજ વાસ્તવમાં સાયબર ક્રિમિનલ્સની જાળ હોઈ શકે છે.

## બનાસકાંઠા અને ધ્રાંગધ્રામાં બે ભયાનક અકસ્માત, ૪ વ્યક્તિઓના કરૂણ મોત

અમદાવાદ,તા.૩૦

ગુજરાતમાં માર્ગ અકસ્માતોનો સિલસિલો યથાવત રહ્યો છે. સોમવારે રાત્રે રાજયના બે અલગ-અલગ જિલ્લાઓમાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતોમાં કુલ ૪ લોકોએ જીવ ગુમાવ્યા છે. બનાસકાંઠાના વડગામમાં રીક્ષા અને પીકઅપ ડાલા વચ્ચેની ટક્કરમાં બે મહિલાઓના મોત થયા છે, જયારે સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રા-માલવણ હાઈવે પર કાર પલટી જતાં બે યુવાનો કાળનો કોળિયો બન્યા છે.બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના લીંબોઈ નજીક એક દર્દનાક અકસ્માત સર્જાયો હતો. વડગામથી લીંબોઈ જતી પેસેન્જર રીક્ષાને પૂરઝડપે આવી રહેલા એક પીકઅપ ડાલાએ જોરદાર ટક્કર મારી હતી.

અકસ્માત એટલો ભયાનક હતો કે રીક્ષામાં સવાર લીંબોઈ ગામની બે મહિલાઓના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજયા હતા.ઘટનાની જાણ થતા જ વડગામ પોલીસ કાફલો દોડી આવ્યો હતો અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડી પીકઅપ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાને પગલે સમગ્ર લીંબોઈ ગામમાં શોકનું મોજું ફરી વળ્યું છે.બીજી તરફ, સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા-માલવણ હાઈવે પર હરીપર ગામ નજીક ગત મોડી રાત્રે એક કારચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર પલટી ખાઈને રોડ સાઈડના ખાડામાં ખાબકી હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા ક્રિપાલસિંહ ઝાલા અને બોનિલભાઈ દેસાઈ નામના બે યુવાનોને તબીબોએ મૃત જાહેર કર્યા હતા. કારમાં સવાર અન્ય બે યુવાનોને પણ નાની-મોટી ઈજાઓ પહોંચતા તેમને ૧૦૮ મારફતે નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. હાઈવે પર વારંવાર સર્જાતા અકસ્માતોને લીધે સ્થાનિકો અને વાહનચાલકોમાં વહીવટી તંત્ર સામે ભારે ચિંતા અને રોષ જોવા મળી રહ્યો છે.

## સ્વિગી, ઝોમેટો અને બ્લિંકિટના ૧૦૦,૦૦૦ થી વધુ ડિલિવરી ભાગીદારો હડતાળ પર ઉતર્યા

નવીદિલ્હી,તા.૩૧

વર્ષના છેલ્લા દિવસે દેશભરમાં સ્વિગી, ઝોમેટો, બ્લિંકઈટ, ઝેપ્ટો, એમેઝોન અને ફ્લિપકાર્ટના ડિલિવરી પાર્ટનર્સ અને કામદારો ૩૧ ડિસેમ્બરે હડતાળ પર ઉતર્યા છે. આ હડતાળ પ્લેટફોર્મના પગાર માળખા અને ૧૦-મિનિટની ઝડપી ડિલિવરી નીતિને કારણે થઈ રહી છે, જેને દૂર કરવાની માંગ કરવામાં આવી રહી છે.તેલંગાણા ગિગ અને પ્લેટફોર્મ વર્કર્સ યુનિયનના પ્રમુખ શેખ સલાઉદ્દીને જણાવ્યું હતું કે હડતાળ પહેલા ૨૫ ડિસેમ્બરે ૪૦,૦૦૦ કામદારોએ સમર્થન વ્યક્ત કર્યું હતું. સલાઉદ્દીને જણાવ્યું હતું કે તેમની માંગ જૂની ચુકવણી માળખું પુનઃસ્થાપિત કરવાની અને તમામ પ્લેટફોર્મ પરથી ૧૦-મિનિટની ડિલિવરી વિકલ્પ દૂર કરવાની છે. તેઓ વાટાઘાટો માટે ખુલ્લા છે અને રાજ્ય અને કેન્દ્ર સરકારોને હસ્તક્ષેપ માટે પણ અપીલ કરી રહ્યા છે.કામદારો કહે છે કે પગાર અને વીમા કવરેજનો નોંધપાત્ર અભાવ છે. એક ફૂડ ડિલિવરી એજન્ટે જણાવ્યું હતું કે, ×અમે દિવસના ૧૪ કલાક સુધી કામ કરીએ છીએ, દિવસ અને રાત રસ્તા પર રહીએ છીએ, પરંતુ અમને અમારા કામ માટે યોગ્ય પગાર મળતો નથી. ઓર્ડર રદ કરવા બદલ દંડ સીધો અમારા પર લાદવામાં આવે છે. અમે કંપની પાસેથી ન્યાય ઈચ્છીએ છીએ.×નિષ્ણાતો માને છે કે આ હડતાળ માત્ર ફૂડ ડિલિવરી જ નહીં, પરંતુ ઈ-કોમર્સ અને ક્વિક-કોમર્સ ક્ષેત્રોને પણ અસર કરી શકે છે. ઘણા લોકોએ નવા વર્ષની પૂર્વ સંધ્યા માટે ઓનલાઈન ફૂડ અને માલનો ઓર્ડર આપવાની યોજના બનાવી છે. હડતાળને કારણે ઓર્ડર ડિલિવરીમાં વિલંબ અથવા રદ થવાની સંભાવના છે.ટીજીપીડબ્લ્યુયુ અનુસાર, દેશભરમાં આશરે




૧૦૦,૦૦૦ ડિલિવરી ભાગીદારો આ હડતાળમાં ભાગ લઈ રહ્યા છે. હડતાળનો હેતુ કંપનીને કર્મચારીઓની સખત મહેનત, લાંબા કલાકો, અપૂરતા પગાર અને જોખમી કામ છતાં તેમના અધિકારો અને સલામતીનો આદર કરવા દબાણ કરવાનો છે. ગ્રાહકોને સલાહ આપવામાં આવી છે કે તેઓ અગાઉથી ઓર્ડર આપે અને હડતાળના દિવસે સંભવિત વિલંબનો હિસાબ રાખે. આ હડતાળની અસર વર્ષના છેલ્લા દિવસે અનુભવાઈ શકે છે, જે નવા વર્ષની તૈયારીઓને બદલી શકે છે.

## ચીનની ૨૦૨૬માં ૯૩૫ ચીજવસ્તુઓ પરનો ટેરિફ ઘટાડવાની જાહેરાત



બેઇજિંગ,

ચીને આગામી વર્ષથી ૯૩૫ ચીજવસ્તુઓ પર આયાત જકાતમાં ઘટાડો કરવાની જાહેરાત કરી છે. ચીન માત્ર નિકાસ પર ધ્યાન આપે છે અને આયાત ખૂબ ઓછી કરે છે તેવી ટીકાઓનો જવાબ આપવા ચીને આ મહત્વનું પગલું હાથ ધર્યું છે.સ્ટેટ કાઉન્સિલના કસ્ટમ ટેરિફ કમિશને જાહેરાત કરી છે કે નવા ટેરિફ દર ૧ જાન્યુઆરી, ૨૦૨૬ થી અમલમાં આવશે. આ ઘટાડો 'મોસ્ટ-ફેવર્ડ-નેશન' દરો કરતા પણ ઓછો હશે. આ પગલાનો હેતુ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારો વચ્ચે તાલમેલ વધારવા અને ઉચ્ચ ગુણવત્તાવાળી વસ્તુઓનો પુરવઠો વધારવાનો છે. ચીન તેના ટેકનોલોજી ક્ષેત્રને આત્મનિર્ભર બનાવવા અને ગ્રીન ડેવલપમેન્ટને પ્રોત્સાહન આપવા માટે નીચે મુજબના ફેરફારો કરશે. ટેકનોલોજીક્ષેત્રે મુખ્ય ઘટકો અને અદ્યતન સામગ્રી પર ટેરિફ ઘટાડાશે. આરોગ્યક્ષેત્રે લોકોની સુખાકારી માટે કૃત્રિમ રક્તવાહિનીઓ જેવી તબીબી પ્રોડક્ટ્સ પર ટેરિફ ઘટાડાશે. ઈન્ટેલિજન્ટ બાયોનિક રોબોટ્સ અને બાયો-એવિએશન કેરોસીન જેવી નવી શ્રેણીઓ ઉમેરવામાં આવશે.ચીનના સત્તાવાર આંકડા મુજબ, દેશનો કુલ વિદેશી વેપાર આશરે ૫.૮૨ ટ્રિલિયન યુએસ ડોલર રહ્યો છે. જેમાં નિકાસ ૩.૪૬ ટ્રિલિયન ડોલર છે જ્યારે આયાત માત્ર ૨.૩૭ ટ્રિલિયન ડોલર છે. વર્ષોથી ચીન પર આક્ષેપ થતો રહ્યો છે કે તે માત્ર ટ્રેડ સરપ્લસ (વેપારમાં નફો) વધારવા પર જ ધ્યાન આપે છે.આર્થિક સહયોગ ગાઢ બનાવવા માટે ચીન તેના ૩૪ ટ્રેડિંગ પાર્ટનર્સ સાથે અગાઉના મુક્ત વ્યાપાર કરારો મુજબ જકાત દરો ચાલુ રાખશે. વધુમાં, ચીન સાથે રાજદ્વારી સંબંધો ધરાવતા ૪૩ સૌથી ઓછા વિકસિત દેશો માટે ૧૦૦% ટેરિફ લાઈન્સ પર 'ઝીરો-ટેરિફ' સારવાર પણ જાળવી રાખશે.

## નવા વર્ષની ઉજવણી ને ધ્યાનમાં રાખી ધાનેરા પોલીસ દ્વારા ધાનેરાની બોર્ડર ઉપર સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું

ધાનેરા પી.આઈ. એમ જે ચૌધરીના માર્ગદર્શન હેઠળ ધાનેરા પી.એસ.આઇ ચૌધરી સાહેબની ટીમ દ્વારા નવા વર્ષની ઉજવણીને લઈ ધાનેરાની વાસણ બોર્ડર અને નેનાવા બોર્ડર ઉપર કડક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું ધાનેરા તાલુકો રાજસ્થાન બોર્ડર અડીને આવેલો તાલુકો છે રાજસ્થાન મોથી આવતા કેફી પદાર્થ વિદેશી દારૂ અટકાવવા માટે રાજસ્થાનથી આવતા દરેક સાધનો ધાનેરા



પોલીસ દ્વારા તપાસ કરી પ્રવેશ આપવામાં આવી રહ્યો હતો નવા વર્ષને લઈ બુટલેગરો દ્વારા નવા નવા ક્રીમીયા અજમાવી ગુજરાતમાં દારૂ ઘુસાડવાની કોશિશ કરી રહ્યા હોય છે પણ ધાનેરા પોલીસની બાજર નજર હેઠળ બુટલેગરોના આ ક્રીમીયા નિષ્ફળ કરતી ધાનેરા પોલીસ ધાનેરા પોલીસના કડક વાહન ચેકિંગ માં બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો હતો ધાનેરા પોલીસ અને ધાનેરા પી.આઇ એમ. જે. ચૌધરી પોતાની ટીમ સાથે બોર્ડર ઉપર આખી રાત વાહનનું ચેકિંગ કર્યું હતું

## આગામી પેઢીના ધ્રુવ એનજી હેલિકોપ્ટરે ઉદ્ઘાટન ઉડાન ભરી

બેન્ગ્લુરુ,

કેન્દ્રીય મંત્રી રામ મોહન નાયડુએ મંગળવારે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ દ્વારા વિકસિત અને ઉત્પાદિત આગામી પેઢીના નાગરિક હેલિકોપ્ટર ધ્રુવ દ્ગ્ ની શરૂઆતી ઉડાનને લીલી ઝંડી આપી હતી, જે નાગરિક ઉડ્ડયન બજારની વિકસતી જરૂરિયાતોને પૂર્ણ કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

હેલિકોપ્ટર ૐછ઼ થી ઉડાન ભરે તે પહેલાં, મંત્રી તેની અદ્યતન સિસ્ટમો અને સંચાલન સુવિધાઓ વિશે પ્રત્યક્ષ સમજ મેળવવા માટે કોકપીટમાં પાઈલટ સાથે જોડાયા હતા.

ૐછ઼ અધિકારીઓએ જણાવ્યું હતું કે ધ્રુવ દ્ગ્ એક અત્યાધુનિક ૫.૫-ટનનું હળવા ટ્વીન-એન્જિન મલ્ટી-રોલ હેલિકોપ્ટર છે, જે ભારતના વૈવિધ્યસભર અને પડકારજનક ભૂપ્રદેશમાં અસરકારક રીતે કાર્ય કરવા માટે રચાયેલ છે. તેને ખાસ કરીને વૈશ્વિક નાગરિક ઉડ્ડયન ક્ષેત્રની કડક જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે અપગ્રેડ કરવામાં આવ્યું છે.

ભારતની સ્વદેશી રોટરી વિંગ ક્ષમતામાં એક સીમાચિહ્નરૂપ તરીકે વર્ણવવામાં આવેલ, હેલિકોપ્ટરને સુધારેલી સલામતી, કામગીરી અને મુસાફરોના આરામ પર મજબૂત ધ્યાન કેન્દ્રિત કરીને ડિઝાઇન કરવામાં આવ્યું છે.

## તંત્રી સ્થાનેથી..

# જાપાનને પછાડી દુનિયાનું સૌથી મોટું અર્થતંત્ર બન્યું ભારત

કેન્દ્ર સરકારની આર્થિક સમીક્ષા અનુસાર ભારત હવે અમેરિકા, ચીન અને જર્મની પછી વિશ્વનું ચોથું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું છે. અંદાજે ૪.૧૮ ટ્રિલિયન ડોલરની સંપત્તિ સાથે ભારતે જાપાન(૪.૧૧ ટ્રિલિયન ડોલર)ને પાછળ છોડી દીધું છે. આર્થિક વૃદ્ધિની ગતિ આવી જ જોવા મળશે તો ૨૦૩૦ સુધીમાં ભારત ૭.૩ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનીને જર્મની(હાલમાં ૪.૫૯ ટ્રિલિયન ડોલર)ને પણ પાછળ રાખી શકે છે.

ભારતની ઝડપી આર્થિક ઉડાન પાછળ કેટલાક મુખ્ય કારણો રહ્યા છે:

- સર્વિસ સેક્ટરમાં તેજી: ટેક્નોલોજી, IT અને ફાઈનાન્સ જેવા સેવા ક્ષેત્રોનો અભૂતપૂર્વ વિકાસ થયો છે.
- મજબૂત ઘરેલુ ખર્ચ: દેશની ઘરેલુ ખરીદશક્તિ અને ગ્રાહક ખર્ચે અર્થતંત્રને સહારો આપ્યો છે.
- માળખાગત વિકાસ: રસ્તા, રેલવે, બંદરો અને ઊર્જા ક્ષેત્રમાં મોટા પ્રમાણમાં રોકાણ થયું છે.
- સુધારા: નાણાકીય અને ઔદ્યોગિક નીતિમાં થયેલા સુધારાએ વિદેશી રોકાણને આકર્ષવામાં મદદ કરી છે.
- વર્ષ ૨૦૨૫ના બીજા ત્રિમાસિક ગાળામાં વાસ્તવિક જીડીપી ૮.૨% રહ્યો છે, જે વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે ભારતની મજબૂતી દર્શાવે છે.

નોંધનીય છે કે, જાપાનનો વૃદ્ધિ દર ૧ %, જર્મનીનો લગભગ ૦.૫-૧ % અને અમેરિકાનો લગભગ ૨-૨.૫ % રહ્યો છે.

- ૨૦૨૫માં જાપાનને પછાડીને ભારતે દુનિયાની ચોથી સૌથી મોટી આર્થિક શક્તિ બનવાની સિદ્ધિ મેળવી.

સિક્કાની બીજી બાજુ: માથાદીઠ આવક અને આર્થિક અસમાનતા

ભારતમાં જીડીપીનું કદ વધવું ગર્વની વાત છે, પરંતુ માથાદીઠ આવક ના સંદર્ભમાં ચિત્ર ગંભીર છે. ભારતની માથાદીઠ આવક અંદાજે ૨,૬૯૪ ડોલર છે, જ્યારે જાપાનની ૩૨,૪૮૭ ડોલર અને જર્મનીની ૫૬,૧૦૩ ડોલર છે. તેનો અર્થ એ છે કે સામાન્ય ભારતીયની આર્થિક સ્થિતિ હજુ પણ વિકસિત દેશોની સરખામણીએ ઘણી પાછળ છે.

# ભારતીયોની વર્ક પરમિટ રદ કરવા બાંગ્લાદેશમાં સરકારને અલ્ટિમેટમ

## હાદીની હત્યાના બે મુખ્ય શંકાસ્પદો મેઘાલયને અડીને આવેલી મૈમનસિંહ જિલ્લાની સરહદ દ્વારા ભારત ભાગી ગયા છે : ઢાકા મેટ્રોપોલિટન પોલીસ



ઢાકા, તા.૩૦

બાંગ્લાદેશમાં ભારત વિરોધી ચળવળ સતત વધી રહી છે. ભારત વિરોધી વિદ્યાર્થી નેતા ઉસ્માન હાદીની હત્યા બાદ સ્થિતિ વધુ વણસી છે. હવે તેના સંગઠન ‘ઈન્કિલાબ મંચ’ દ્વારા બાંગ્લાદેશ સરકારને ચાર મુદ્દાઓની માંગ સાથે ૨૪ કલાકનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે, જેમાં ભારતીયોના વર્ક પરમિટ રદ કરવાની મુખ્ય માંગ છે.ઢાકાના શાહબાગ ખાતેથી ઈન્કિલાબ મંચના સભ્ય સચિવ અબ્દુલ્લા અલ જાબરે જાહેરાત કરી હતી કે તેમના નેતા શરીફ ઉસ્માન હાદીની હત્યામાં સામેલ તમામ આરોપીઓનો ટ્રાયલ ૨૪ દિવસમાં પૂર્ણ કરવામાં આવે. સંગઠને ફેસબુક પર સ્પષ્ટ કર્યું છે કે હત્યા કરનાર, માસ્ટરમાઈન્ડ, મદદગાર અને આશરો આપનાર તમામ સામે કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ. ઢાકા મેટ્રોપોલિટન પોલીસના દાવા મુજબ, હાદીની હત્યાના બે મુખ્ય શંકાસ્પદો મેઘાલયને અડીને આવેલી મૈમનસિંહ જિલ્લાની સરહદ દ્વારા ભારત ભાગી ગયા છે.બીજી તરફ, ભારતે બાંગ્લાદેશમાં બે હિન્દુ પુરુષોની હત્યા અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, ‘‘બાંગ્લાદેશમાં લઘુમતીઓ વિરુદ્ધ સતત વધી રહેલી દુશ્મનાવટ ચિંતાનો વિષય છે. અમે તાજેતરમાં થયેલી હિન્દુ યુવકની હત્યાની નિંદા કરીએ છીએ અને અપેક્ષા રાખીએ છીએ કે ગુનેગારોને સજા મળે.’’જોકે, બાંગ્લાદેશના વિદેશ મંત્રાલયે ભારતના આ ચિંતાઓને ફગાવી દીધી છે. બાંગ્લાદેશના નિવેદન મુજબ, કેટલીક છૂટીછવાઈ ગુનાહિત ઘટનાઓને વ્યવસ્થિત અત્યાચાર તરીકે દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, જેથી ભારત અને બાંગ્લાદેશ વચ્ચે વૈમનસ્ય ફેલાય. તેણે આક્ષેપ કર્યો છે કે ભારતનો એક પક્ષ આ ઘટનાઓને અતિશયોક્તિભરી રીતે રજૂ કરીને ભારતીય નાગરિકોને બાંગ્લાદેશ વિરુદ્ધ ભડકાવી રહ્યો છે.

### દર્દીના હાથમાંથી અડધી બોટલ લોહી વહી ગયું અને સ્ટાફ ઊંઘમાં

# અમદાવાદની જાણીતી SVP હોસ્પિટલ ફરી એકવાર વિવાદમાં આવી

## આ મામલે દર્દીના સગા દ્વારા એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે લેખિતમાં અરજી આપવામાં આવી છે




અમદાવાદ,તા.૩૦

અમદાવાદની જાણીતી SVP હોસ્પિટલ ફરી એકવાર વિવાદમાં આવી છે. હોસ્પિટલના ICU વોર્ડમાં સારવાર લઈ રહેલા એક વૃદ્ધ દર્દીના લોહી વહી જવાના મામલે સ્ટાફની ગંભીર બેદરકારી સામે આવી છે. જે બાદ પરિવારજનોએ હોસ્પિટલના જવાબદાર સ્ટાફ સામે કડક પગલાં લેવાની માંગ કરી છે. આ મામલે દર્દીના સગા દ્વારા એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે લેખિતમાં અરજી આપવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, ૭૨ વર્ષીય સલીમ શેખને સારવાર માટે SVP હોસ્પિટલના ICUમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ દરમિયાન તેમના હાથમાં લગાવેલી વિગોમાંથી અચાનક લોહી નીકળવાનું શરૂ થયું હતું. નવાઈની વાત એ છેકે, ICU જેવા અતિ સંવેદનશીલ વોર્ડમાં સ્ટાફ હાજર હોવા છતાં કોઈનું ધ્યાન આ તરફ ગયું નહોતું.જ્યારે સલીમભાઈના પરિવારજનો અચાનક તેમને મળવા પહોંચ્યા, ત્યારે પથારીમાં લોહી નીકળતું જોઈને તેઓ ચોંકી ઉઠ્યા હતા. પરિવારે આક્ષેપ કર્યો હતો કે, ICUમાં પરિવારજનોને રોકાવાની મનાઈ હોય છે, ત્યાં દર્દી સંપૂર્ણપણે સ્ટાફના ભરોસે હોય છે. તેમ છતાં આટલી ગંભીર ઘટના બની હતી. જ્યારે પરિવારે આ બાબતે સ્ટાફને જાણ કરી, ત્યારે કોઈએ પોતાની ભૂલ સ્વીકારવાને બદલે ઉદ્ધત વર્તન કર્યું છે. પરિવારનું કહેવું છે કે જો તેઓ સમયસર ન પહોંચ્યા હોત, તો દર્દીનું ઘણું લોહી વહી ગયું હોત અને પરિસ્થિતિ ગંભીર બની શકી હોત.દર્દીના પરિવારે જણાવ્યું કે, ૭૨ વર્ષીય દાદાને માત્ર ઓક્સિજન ઓછું હોવાથી SVP હોસ્પિટલના ICUમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોની ભારે બેદરકારીને કારણે તેમનું અડધી બોટલથી વધુ લોહી નીકળી ગયું હતું. જ્યારે આ ઘટના બની ત્યારે ડોક્ટરો પડદા પાછળ બેઠા હતા અને તેમના પિતા ICUમાં એકલા હતા, જેના કારણે તેમણે વીડિયો ઉતારીને ૧૧૨ નંબર પર પોલીસને જાણ કરી અને હોસ્પિટલમાં સિક્કા સાથેની અરજી પણ આપી છે. ડોક્ટરોએ તેમને કોઈ કાગળ પર સહી કરવા દબાણ કર્યું હતું પણ તેમણે ના પાડી દીધી હતી, અને તેઓ આ મામલે કાયદેસરની કાર્યવાહી કરવા માંગે છે જેથી ભવિષ્યમાં બીજા કોઈની સાથે આવી ઘટના ન બને.

# મહારાષ્ટ્રમાં ભાજપ અને શિંદેની શિવસેના આમને-સામને

મહારાષ્ટ્ર,તા.૩૦

મહારાષ્ટ્રમાં બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન ચૂંટણી ને લઈને તમામ પક્ષોએ ધમધોકાટ તૈયારીઓ કરવાની સાથે આક્ષેપ-પ્રતિઆક્ષેપ પણ શરૂ કરી દીધા છે. ચોંકાવનારી વાત એ છે કે, ચૂંટણીને લઈને મહાયુતિના સાથી પક્ષો ભાજપ અને એકનાથ શિંદેની શિવસેના વચ્ચે ડખો ઉભો થયો હોવાના અહેવાલ સામે આવ્યા છે. હાલ મહાયુતિમાં ચૂંટણી માટે સીટ શેયરિંગની કવાયત ચાલી રહી છે, ત્યારે બંને પાર્ટીઓ વચ્ચે બે નગર પાલિકાને લઈ વિવાદ ઉભો થયો છે, જેના કારણે બંને પાર્ટી નેતાઓએ એકબીજા પર આક્ષેપો શરૂ કરી દીધા છે. આ વિવાદ ઉભો થયા બાદ બંને પાર્ટીઓએ બે નગર પાલિકામાં સામ-સામે ઉમેદવાર ઉભા રાખવાની જાહેરાત કરી દીધી છે.

રિપોર્ટ મુજબ સીટ શેયરિંગમાં બંને પાર્ટીઓને છત્રપતિ સંભાજીનગર અને પુણે મહાનગર પાલિકામાં ઉમેદવાર ઉભા રાખવા છે, જેના કારણે હવે તેમણે બંને બેઠકો પર આમને-સામને ઉમેદવાર ઉતારવાની જાહેરાત કરી દીધી છે. બંને પાલિકાની બેઠક વહેંચણીનો વિવાદ ઉભો થયા બાદ હવે પાર્ટીના ધારાસભ્ય અને નેતાઓ પણ નારાજ થયા છે અને એકબીજા પર ગઠબંધન તોડવાનો આક્ષેપ-પ્રતિઆક્ષેપ કરી રહ્યા છે.

શિવસેના ધારાસભ્ય અને મંત્રી સંજય શિરસાટે દાવો કર્યો છે કે, ‘છત્રપતિ સંભાજીનગરમાં ભાજપનો દબદબો વધવાના કારણે તેણે અહંકારમાં આવી ગઠબંધન તોડ્યું છે. કેટલાક સ્થાનીક ભાજપ નેતાઓએ જાણીજોઈને ગઠબંધન તોડ્યું છે, જેનું અને દુઃખ છે. વિવાદાસ્પદ બેઠકોનો મુદ્દો ઉકેલવા માટે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડ઼ણવીસસાથે વાતચીત થઈ હતી, તેમ છતાં આ વિવાદને જાણીજોઈને ઉઠાવાયો છે.’ શિરસાટે એવું પણ કહ્યું કે, ‘ભાજપે શિવસેનાને અંધારામાં રાખીને સીટ શેયરિંગની વાતચીત ચાલુ રાખી છે અને પોતાના ઉમેદવારો પણ તૈયાર કરી લીધા છે. શિવસેનાએ પોતાના તમામ ઉમેદવારોને ઉમેદવારીપત્ર



ભરવા માટે કહ્યું છે અને સમસ્યા ઉભી થવાની પણ આશંકા વ્યક્ત કરી છે.’શિરસાટના આક્ષેપ બાદ ભાજપ મંત્રી અતુલ સાવેએ પ્રતિક્રિયા આપી છે. અતુલે શિરસાટના દાવાઓને પાયાવિહોણા ગણાવ્યા છે. તેમણે શિવસેના પર સીટ શેયરિંગને લઈને વારંવાર વલણ બદલવાનો આક્ષેપ કર્યો છે. તેમણે કહ્યું કે, ‘ભાજપના કોર્પોરેટરો જે બેઠકો પર સતત જીતતા આવ્યા છે, તે બેઠકો શિવસેના માંગી રહી છે. તેમના અહંકારના કારણે જ ગઠબંધન તૂટ્યું છે.’ ભાજપ-શિવસેના વચ્ચે પુણે મહાનગર પાલિકા મામલે પણ વિવાદ ઉભો થયો છે. આ કારણે બંને પાર્ટીઓએ અલગ-અલગ ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે.

# અમદાવાદમાં કરોડોના ખર્ચે બનાવેલા બ્રિજની ૬ વર્ષના હાલત ખરાબ

અમદાવાદ,તા.૩૦

અમદાવાદના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને AMCની નબળી કામગીરીને લઈને વધુ એક મોટો ઘટસ્ફોટ થયો છે. સુભાષ બ્રિજ બાદ હવે શહેરના વ્યસ્ત ગણાતા ઈક્રમટેક્સ ફ્લાય ઓવરમાં પણ ગંભીર ક્ષતિઓ જોવા મળી છે. માત્ર ૬ વર્ષ પહેલાં કરોડોના ખર્ચે બનેલો આ બ્રિજ હવે વાહનચાલકો માટે જીવનું જોખમ બની રહ્યો હોય તેમ જણાય છે.

મળતી માહિતી અનુસાર, તાજેતરમાં કરવામાં આવેલા નિરીક્ષણ બાદ સામે આવ્યું છે કે ઈક્રમટેક્સ ફ્લાય ઓવર બ્રિજના સ્પાન જોઈન્ટ્સ ખુલી ગયા છે. બ્રિજના જોઈન્ટ્સને પકડી રાખવા માટે લગાવવામાં આવેલા સ્ક્રૂ હાલ ખુલ્લી અને જર્જરિત હાલતમાં જોવા મળી રહ્યા છે. આ પરિસ્થિતિને કારણે બ્રિજ પરથી પસાર થતા વાહનચાલકોમાં ભારે ફાળ પડી છે. ખુલ્લા થયેલા સ્ક્રૂ અને ગેપને કારણે વાહનોના ટાયર ફાટવાની ઘટનાઓ બની શકે છે, જે ગંભીર અકસ્માતને નિમંત્રણ આપી રહી છે. આટલી ગંભીર સ્થિતિ હોવા છતાં, AMC દ્વારા હજી સુધી આસપાસ કોઈ બેરિકેટિંગ કરવામાં આવ્યું નથી કે નથી કોઈ સમારકામની કામગીરી શરૂ કરવામાં આવી છે. સૌથી ચોંકાવનારી વાત એ છે કે, ગત જુલાઈ માસમાં જ આ બ્રિજનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. તે સમયે તંત્રના રિપોર્ટમાં બ્રિજની સ્થિતિ ‘સારી‘ હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. જો જુલાઈમાં બ્રિજ સુરક્ષિત હતો, તો થોડા જ મહિનાઓમાં આવી ગંભીર ક્ષતિ કેવી રીતે સર્જાઈ? તે એક મોટો પ્રશ્ન છે. આ બ્રિજ આશરે ૬ વર્ષ અગાઉ ૬૫ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો હતો. ટૂંકા ગાળામાં જ બ્રિજની આવી દશા થતા ભ્રષ્ટાચાર અને લોટકા કામગીરીની આશંકાઓ સેવાઈ રહી છે.

# જજના ડ્રાઈવરની નોકરીનો બનાવટી ઓર્ડર આપનાર નકલી PA ઝડપાયો

અમરેલી,તા.૩૦

ગુજરાતમાં નકલી ઓફિસ, નકલી કોર્ટ અને નકલી અધિકારીઓ બાદ હવે નકલી પર્સનલ આસિસ્ટન્ટ (PA)નો મામલો સામે આવ્યો છે. અમરેલી જિલ્લાના બગસરામાં ડિસ્ટ્રિક્ટ જજના પી.એ. બનીને બેરોજગાર યુવકને ડ્રાઈવરની નોકરી અપાવવાની લાલચ આપી ૨ લાખ રૂપિયા પડાવનાર શખસને પોલીસે ઝડપી લીધો છે. આ ગઠીયાએ હદ તો ત્યારે કરી જ્યારે તેણે જજના સહી-સિક્કાવાળો નકલી નિમણૂક પત્ર પણ પધરાવી દીધો હતો.

અમરેલી જિલ્લાના બગસરા પોલીસે માવજીંજવા ગામના પ્રકાશ દાફડા નામના શખસની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું કે, આરોપી પ્રકાશ દાફડાએ પોતે અમરેલી ડિસ્ટ્રિક્ટ જજ બુખારી સાહેબનો પી.એ. હોવાની ખોટી ઓળખ આપી હતી. તેણે જેતપુરના ખજૂરી ગુંદાળા ગામના નિકુંજ બુટાણી નામના યુવકને જિલ્લા કોર્ટમાં જજના ડ્રાઈવર તરીકે સરકારી નોકરી અપાવવાનો વાયદો કર્યો હતો. આ કામ માટે આરોપીએ યુવક પાસેથી ૨ લાખ રૂપિયા જેવી માતબર રકમ પડાવી લીધી હતી.

ઠગ પ્રકાશ દાફડાએ યુવકનો વિશ્વાસ જીતવા માટે તેને અમરેલી જિલ્લા કોર્ટના ડ્રાઈવર તરીકેનો નકલી નિમણૂક ઓર્ડર પણ આપ્યો હતો. જ્યારે નિકુંજ બુટાણી આ ઓર્ડર લઈને અમરેલી કોર્ટમાં હાજર થવા પહોંચ્યો, ત્યારે ત્યાંના વહીવટી તંત્રએ આ ઓર્ડર નકલી હોવાનું જણાવ્યું હતું. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું સમજાતા જ યુવકે બગસરા પોલીસનો સંપર્ક કર્યો હતો.




ભોગ બનનાર યુવકની ફરિયાદના આધારે બગસરા પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને નકલી પી.એ. પ્રકાશ દાફડાની ધરપકડ કરી છે. આરોપી સામે સરકારી કર્મચારીની ખોટી ઓળખ આપવી, છેતરપિંડી અને નકલી દસ્તાવેજો બનાવવા બદલ ગુનો નોંધવામાં આવ્યો છે.

પોલીસે હવે એ દિશામાં તપાસ શરૂ કરી છે કે આ શખસે અત્યાર સુધીમાં અન્ય કેટલા બેરોજગાર યુવકોને પોતાની જાળમાં ફસાવીને નાણાં પડાવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી નકલી અધિકારીઓના વધતા કિસ્સાઓએ વહીવટી તંત્રની ઊંઘ ઉડાડી દીધી છે, ત્યારે અમરેલી પોલીસની આ સફળતાથી વધુ એક ઠગ જેલના સળિયા પાછળ ધકેલાયો છે.

# AMTSની નવી ૨૨૫ ઈ-બસ અતિ આધુનિક સિસ્ટમ સાથે દોડશે



અમદાવાદ,તા.૩૦

મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ (AMTS)ના ચેરમેન ધરમશીભાઇ દેસાઇએ જણાવ્યું હતું કે એએમટીએસ પોતાના ૭૬મા વર્ષમાં પ્રવેશતા શહેરના જાહેર પરિવહન ઈતિહાસમાં સૌથી મોટું અને મહત્વપૂર્ણ પરિવર્તન લાવી રહી છે.

૨૨૫ બીઆરટીએસ-સંગત ઈલેક્ટ્રિક એસી મિડી બસોની ખરીદી એ શહેરને સ્વચ્છ, આધુનિક અને ભવિષ્યલક્ષી ટ્રાન્સપોર્ટ સિસ્ટમ તરફ લઈ જતું ઐતિહાસિક પગલું છે. આ સમગ્ર પ્રોક્યુરમેન્ટ પ્રક્રિયા દેશની સૌથી ઝડપી પ્રક્રિયાઓમાંની એક રહી છે. RFPP પ્રસિદ્ધિથી લઈને LOA સુધી માત્ર છ મહિનામાં પૂર્ણ કરવામાં આવી છે, અને આ એએમટીએસની કાર્યક્ષમતા, પારદર્શિતા અને નાગરિક કેન્દ્રિત દૃષ્ટિકોણનું પ્રતિબિંબ છે.

દેશમાં પહેલી વખત એએમટીએસે ઇ-બસો માટે સાઈબર સિક્યોરિટી અને સેફટી ઓડિટ ફરજિયાત કરી છે, જેથી બસોના ડિજિટલ સિસ્ટમ્સ, ડેટા સંચાર અને ઓપરેશન સંપૂર્ણ સુરક્ષિત રહે. ઉપરાંત, દેશના વિવિધ શહેરોમાં બનેલા બેટરી આગના બનાવોને ધ્યાનમાં રાખીને આખી બસ ફલીટમાં FDSS (ફાયર ડિટેક્શન અને સપ્રેશન સિસ્ટમ) ફરજિયાત કરવામાં આવી છે, જે મુસાફરોની સુરક્ષાને વધુ મજબૂત બનાવી રહ્યું છે. ગાડીનો દરવાજો બંધ થતાં જ ગાડી આગળ ચાલશે તેવી સિસ્ટમ ગોઠવાઈ છે. શ્રેષ્ઠ ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે એએમટીએસે સ્વતંત્ર થર્ડ-પાર્ટી ઈન્સ્પેક્શન (TPI) વ્યવસ્થા અમલમાં મૂકી છે, જેમાં પ્રોટોટાઈપ ઈન્સ્પેક્શન, બેચ-લાઈન ચકાસણી અને પ્રી-ડિસ્પેચ ચેકનો સમાવેશ થાય છે. દરેક બસને VIN-વાઇઝ ડિજિટલ ચેકલિસ્ટ અને જિયો-ટેગ ફોટા સાથે સંપૂર્ણપણે ટ્રેસેબલ અને પારદર્શક રીતે સર્ટિફાય કરવામાં આવશે. વધુમાં ચેરમેન ધરમશીભાઇ દેસાઇએ જણાવ્યું હતું કે ઇ-બસની ખાસિયત હશે કે જ્યારે બસ ૨૦ સ્પિડ પર ચાલતી હશે ત્યાર પાસે જતા વાહન માટે આલાર્મ સિસ્ટમ એક્ટિવ થશે. જેથી પસાર થતા વાહનને ખ્યાલ આવશે કે બાજુમાંથી બસ ચાલી રહી છે. કારણ કે ઇ-બસમાં અવાજ હોતો નથી જેથી એક આલાર્મ સિસ્ટમ એક્ટિવ કરાઈ છે. શહેરમાં તમામ ડિઝલ બસ નાબૂદ કરી હતી ત્યાર બાદ સીએનજી બસ હતી પણ હવે તમામ ઇ-બસ એ પણ AC બસ રહેશે.

# થર્ટી ફર્સ્ટ ની ઉજવણી કરવા અરવલ્લી-સાબરકાંઠાના માલેતુજાર નબીરાઓ રાજસ્થાની વાટ પકડી : અરવલ્લીને અડીને આવેલ હોટલો ફૂલ




**ટ્રેન્ડ ગુજરાત , તા.૩૧**
૩૧ ડિસેમ્બરની આડે હવે ગણતરીના કલાકો બાકી છે ૨૦૨૫નું વર્ષ પૂરું થવાની આડે અને વર્ષ ૨૦૨૬ શરુ થવાની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના માલેતુજાર નબીરાઓ ૨૦૨૫ વર્ષને વિદાય આપવા અને નવા વર્ષને આવકારવા માટે અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે અને ઉજવણી માટે રાજસ્થાનની વાટ પકડી લીધી છે અને તેના માટે એડવાન્સમાં રિસોર્ટ અને હોટલો બુક કરાવી શરાબ,શબાબ અને સુંદરીઓ સાથે નવાવર્ષની ઉજવણી માટે બેતાબ બન્યા છે.ગુજરાતમા દારૂબંધી હોવાથી ઉજવણીમાં વિઘ્ન નડે નહિ તેમાટે ધૂમ ખર્ચો કરી સંઘ પ્રદેશ તરફ પણ વાટ ભણી છે.અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં થર્ટી ફર્સ્ટની ઉજવણી કરવામાટે યુવાધન આયોજનને વિવિધ આખરી ઓપ આપી રહ્યા છે અરવલ્લી જિલ્લાને અડીને આવેલી આંતરરાજ્ય સરહદો પર આવેલી હોટલો અને રિસોર્ટના રૂમ થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરના પગલે બુકીગ ફુલ થઈ ગયા છે અરવલ્લી-સાબરકાંઠા જિલ્લા પોલીસ તંત્ર દ્વારા દારૂ નિષેધના કાયદાનો કડક અમલવારી કરવામાં આવતા યુવાધન રાજસ્થાનના ઉદેપુર,જેસલમેર અને બિછિવાડાની વાટ પકડી છે બંને જિલ્લામાં પોલીસ ૩૧ ડિસેમ્બરની ઉજવણીમાં કોઈ અનિચ્છનીય ઘટનાના બને અને અસામાજિક તત્વો દારૂ પીધેલી હાલતમાં ગુજરાતમાંપ્રવેશેનહીતેમાટેચેકપોસ્ટો ઉભી કરી જિલ્લાના માર્ગો પર પેટ્રોલિંગ હાથધરવામાં આવનાર હોવાથી પોલીસ પકડે તો આબરૂના ધજાગરા ઉડી જવાની સાથે પરિવારજનોને પણ નીચાજોણું થાય નહિ અને થર્ટી ફર્સ્ટની ઉજવણીમાં ભંગ પડે નહિ તેમાટે રાજસ્થાનમાં ઉજવણી કરવામાટે યુવા હૈયાઓ ઉપડી ગયા છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર બંને જિલ્લાના માલેતુજાર નબીરાઓ દ્વારા અમદાવાદ ના દલાલો દ્વારા થર્ટી ફર્સ્ટની ઉજવણી ની રાત્રીએ ડાન્સ કરવા અને રાત રંગીન બનાવવા માટે ડાન્સ ગર્લ્સ અને રૂપલલનાઓ રાજ્યના વિવિધ વિસ્તારોસહીત દિલ્હી,મુંબઈ,બંગાળ અને નેપાળ થી ૨૫૦૦૦ થી લઈ લાખ દોઢ લાખ રૂપિયા સુધી ખર્ચ કરી ગ્રુપ માટે એડવાન્સમાં રાજસ્થાનની બુકીગ કરેલી હોટલો અને રિસોર્ટના રૂમ માં પહોંચાડી દેવામાં આવી છે બે દિવસ સતત દારૂની રેલમછેલ વચ્ચે ઉજવણી કરી પરત ફરશે સૂત્રો પાસે થી જાણવા મળ્યું હતું

# ડાકોરમાં સમલૈંગિક સંબંધોમાં પથ્થરના ઘા મારી મિત્રની હત્યા

નડિયાદ,
ડાકોરની હદમાં મહીસાગર નદીના પટમાંથી ૧૬ ડિસેમ્બરે અજાણ્યા યુવકની લાશ મળી આવી હતી. ખેડા- એલ.સી.બી. અને ડાકોર પોલીસે આ હત્યાનો ભેદ ઉકેલી નાખ્યો છે. મિત્રએ જ સમલૈંગિક સંબંધોની તકરારમાં મિત્રની પથ્થર મારી હત્યા કરી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.ડાકોર પોલીસ સ્ટેશન વિસ્તારના અકલાચા ગામથી ઈટવાડ જવાના રસ્તા પાસે મહીસાગર નદીના પટમાંથી એક યુવકની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. તપાસમાં બાતમી મળી કે, મૃતકનું નામ ઉમેશ ઉર્ફે વિનીયો નટવરભાઇ પરમાર (રહે. ચાંગોદર, તા. સાણંદ) છે. પોલીસે સંપર્ક કરતા ઉમેશ ૧૬ તારીખે ડાકોર પાસે કોઈ ગામમાં મિત્રના લગ્નમાં જવાનું કહીને



ઘરેથી નીકળ્યો હતો, જે બાદ તે પરત ફર્યો નહોતો. પોલીસે મૃપૂછપરછ હાથ ધરતા વિગતો સામે આવી હતી કે, ઉમેશ તેના ખાસ મિત્ર અશોક મોહન ગોહીલ (રહે. મેરાકુવા, તા. સાવલી, જી. વડોદરા) સાથે તેના વાહન પર નીકળ્યો હતો. બનાવના દિવસથી જ અશોક ગોહીલ પોતાનો ફોન સ્વીચ ઓફ કરી ફરાર થઈ ગયો હોવાથી પોલીસની શંકા દ્રઢ બની હતી.ટેકનિકલ સર્વેલન્સની મદદથી પોલીસે અશોક ગોહીલને શોધી કાઢી તેની કડક પૂછપરછ હાથ ધરી હતી. અશોક ભાંગી પડ્યો અને ગુનાની કબૂલાત કરી હતી.મહીસાગર નદીમાં નાહવા અને ફરવા જતાં બંને વચ્ચે સમલૈંગિક સંબંધો બાબતે ઉગ્ર બોલાચાલી અને તકરાર થઈ હતી. અશોક ગોહીલે પથ્થરો વડે ઉમેશના માથા તેમજ શરીરના ભાગે ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા હતા.

# રૂરલ પોલીસે લીંભોઇના બુટલેગરે ખેતરમાં સંતાડેલ ૭૭૨ બોટલ દારૂ ઝડપ્યો



**ટ્રેન્ડ ગુજરાત , તા.૩૧**
બુટલેગર આકાશ ચૌહાણના થર્ટી ફર્સ્ટમાં દારૂની રેલમછેલ કરવાના મનસુબા પર પાણી ફેરવતી પોલીસ

પોલીસ રેડના પગલે થર્ટી ફર્સ્ટનીઉજવણીમાં વિદેશી દારૂની મેહફીલ માણવાના સપના જોનાર દારૂના રસિયાઓમાં નિરાશા

સ્થાનિક બુટલેગરો ગ્રાહકોની ડિમાન્ડ મુજબ વિદેશી દારૂ મંગાવી રહ્યા છે

થર્ટી ફર્સ્ટની ઉજવણીમાં શરાબ,કબાબ અને સુંદરીની ડિમાન્ડ દર વર્ષે વધારો થઇ રહ્યો છે અરવલ્લી જીલ્લામાં દેશી દારૂ કરતા વિદેશી દારૂનું વેચાણ ધૂમ થઇ રહ્યું છે થર્ટી ફર્સ્ટમાં દારૂની ડિમાન્ડને પહોંચી વળવા બુટલેગરોએ આગોતરું આયોજન કરી દારૂનો જથ્થો છુપાવી રાખી વેચાણ કરી રહ્યા છે

અરવલ્લી જીલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ થર્ટી ફર્સ્ટની ઉજવણીમાં દારૂ, ડ્રગ્સ સહીત નશાકારક પદાર્થો હેરાફેરી અટકાવવા પોલીસે બુટલેગરો અને પેડલરો સામે તવાઈ બોલાવી છે મોડાસા રૂરલ પોલીસે લીભોઇના બુટલેગરે થર્ટી ફર્સ્ટમાં દારૂનો વેપલો કરવા ખેતરમાં સંતાડેલ ૨.૧૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ફરાર બુટલેગરને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

મોડાસા રૂરલ પોલીસે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ હાથધરતા લીંભોઇ ગામના બુટલેગર આકાશ રમેશ ચૌહાણે બાબરાવીરના મંદિર નજીક આવેલા ખેતરમાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડેલ હોવાની બાતમી મળતા

તાબડતોડ ખેતરમાં ત્રાટકી ખેતરમાંથી ભારે જહેમત બાદ લાકડા નીચે માટીમાં અને ઉકરડા ને ઉલેચી વિદેશી દારૂ અને બિયર ટીન નંગ -૭૭૨ મળી રૂ.૨.૧૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ફરાર બુટલેગર આકાશ રમેશ ચૌહાણ સામે પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની

# અંબાજી મંદિરમાં હવે પાંચ મીટર સુધીની ધજા જ ચઢાવી શકાશે

અંબાજી,
વિશ્વપ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજી ખાતે આવતા લાખો માઈભક્તો માટે મંદિર ટ્રસ્ટ દ્વારા એક મહત્ત્વપૂર્ણ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. મંદિરના સુવર્ણ શિખરની સુરક્ષા અને યાત્રિકોની સલામતીને ધ્યાનમાં રાખીને, હવેથી શિખર પર વધુમાં વધુ ૫ મીટર લંબાઈની જ ધજા ચઢાવી શકાશે. આ નવા નિયમનો અમલ આગામી પહેલી જાન્યુઆરી ૨૦૨૬ થી કરવામાં આવશે. ધજા ચઢાવવા માટે ભક્તોએ પૂર્વનિર્ધારિત ઓનલાઈન અથવા ઓફલાઈન સ્લોટ બુક કરાવવાના રહેશે.મંદિર વહીવટીતંત્ર અને ટેકનિકલ નિષ્ણાતોના સર્વેક્ષણ બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં મંદિરના મુખ્ય શિખર પર રહેલા ધ્વજદંડને આશરે ૧૫ વર્ષ પૂર્ણ થયા છે. ટેકનિકલ તપાસમાં જાણવા મળ્યું છે કે દૈનિક સ્તરે ચઢતી ૫૦થી ૬૦ ધજાઓના વજન અને પવનના દબાણને કારણે ધ્વજદંડને નુકસાન પહોંચી શકે તેમ છે.ખૂબ જ લાંબી ધજાઓ જ્યારે પવનમાં લહેરાય છે, ત્યારે તે સુવર્ણમય શિખરના કવચ સાથે ઘસાય છે, જેનાથી સોનાના કવચને ઘસારો પહોંચતો હોવાનું નોંધાયું છે. ઘણી વખત ભક્તો ૫૦ ગજ કે તેથી વધુ લાંબી ધજાઓ લાવતા હોય છે. આવી લાંબી ધજાઓ જમીનને અડતી હોવાથી ચાલતા યાત્રિકોના પગમાં આવે છે, જેનાથી અકસ્માતનો ભય રહે છે અને અન્ય ભક્તોની ધાર્મિક લાગણી પણ દુભાય છે.આ નિર્ણય લેતા પહેલા અંબાજી મંદિરના ભટ્ટજી મહારાજ સાથે પરામર્શ કરવામાં આવ્યો હતો. શાસ્ત્રોક્ત વિધિ-વિધાન અને પરંપરા જળવાઈ રહે તે રીતે ૫ મીટરની મર્યાદા નક્કી કરવામાં આવી છે. આ અંગેનું ટેકનિકલ સર્વેક્ષણ પણ કરવામાં આવ્યું હતું જેથી ભવિષ્યમાં કોઈ મોટી દુર્ઘટના ન સર્જાય.અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા તમામ માઈભક્તો અને વિવિધ સંઘોને અપીલ કરવામાં આવી છે કે તેઓ મંદિરની ગરિમા અને સુરક્ષા જાળવવા આ નિર્ણયમાં સહકાર આપે. લાંબી ધજાઓ લાવવાને બદલે નિયત માપની ધજાઓ લાવી માતાજી પ્રત્યેની પોતાની શ્રદ્ધા પ્રગટ કરે.

# ભાભર સી.ડી.પી.ઓ વ્યનિવૃત થતા સત્કાર સમારંભ યોજાયો




**ટ્રેન્ડ ગુજરાત , તા.૩૧**
ભાભર આઇ.સી.ડી.એસ વિભાગ માં ફરજ બજાવતા સી.ડી.પી.ઓ હંસાબેન પંડ્યા જેવો વય નિવૃત્ત થતા આજરોજ બી.આર.સી ભવન ભાભર ના મીટીંગ હોલ માં સત્કાર સમારંભ યોજાયો હતો જેમાં પધારેલ મહેમાનો નું સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ સી.ડી.પી.ઓ હંસાબેન પંડ્યા દ્વારા ભાભર તાલુકા માં પોતાની સર્વિસ દરમિયાન લોકો નો ભાવ તેમજ સ્ટાફ તથા આંગણવાડી ની બહેનો સહકાર ની પ્રશંસા કરવામાં આવી હતી તેમજ વય નિવૃત્ત થતા હંસાબેન નું સન્માન કરવામાં આવ્યું હતું સત્કાર સમારંભ કાર્યક્રમ માં ભાભર મામલતદાર તેમજ મામલતદાર કચેરી નો સ્ટાફ તાલુકા પંચાયત સ્ટાફ આઈ.સી.ડી.એસ વિભાગ નો સ્ટાફ. દિયોદર સુઈગામ ભાભર આઈ.સી.ડી.એસ સ્ટાફ તેમજ ભાભર આંગણવાડી ની કાર્યકર બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.

# વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે વાવ- થરાદ જિલ્લામાં વિવિધ પ્રજાલક્ષી વિકાસ કાર્યોનું ખાતમુર્હુત અને લોકાર્પણ કરાયું




**ટ્રેન્ડ ગુજરાત , તા.૩૧**
ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે વાવ–થરાદ જિલ્લાના વિવિધ ગામોમાં પ્રજાલક્ષી વિકાસ કાર્યોનું ખાતમુર્હુત તથા લોકાર્પણ કરાયું હતું.

અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે ભોરડુ ગામે રૂ. ૩૨.૯૨ લાખના ખર્ચે પેટા આરોગ્ય કેન્દ્રના નવીન બિલ્ડીંગનું ખાતમુર્હુત કરવામાં આવ્યું હતું. ઉપરાંત દરબારવાસ ખાતે રૂ. ૫ લાખના ખર્ચે કોમ્યુનિટી હોલનું ખાતમુર્હુત તેમજ મનરેગા યોજના અંતર્ગત રૂ. ૧૭ લાખના ખર્ચે નિર્માણ પામેલ નવીન પંચાયત ભવનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કોચલા ઠાકોર સમાજ દ્વારા અધ્યક્ષશ્રીનો સન્માન સમારોહ યોજાયો હતો. તેમજ રાહ મુકામે ઠાકોર સમાજના વિધાસંકુલ માટે અધ્યક્ષશ્રીએ રૂ. ૨૬ લાખની ગ્રાન્ટ (એમ.એલ.એ. ગ્રાન્ટ તથા વિવિધ સરકારી યોજનાઓ અંતર્ગત) ફાળવવામાં આવી હતી. અધ્યક્ષશ્રી શંકરભાઈએ ડેંડુવા મુકામે પ્રાથમિક શાળામાં રૂ. ૫ લાખના ખર્ચે પ્રાર્થના શેડનું ખાતમુર્હુત કર્યું હતું. જેટકો દ્વારા રૂ. ૧૨ કરોડના ખર્ચે ૬૬ કેવી સબ-સ્ટેશનનું ખાતમુર્હુત તેમજ રાહ–થરા–કિયાલ–ડેંડુવા માર્ગને રૂ. ૧૧ કરોડના ખર્ચે પહોળો કરવાની કામગીરીનો પ્રારંભ પણ આ અવસરે કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર પ્રધાનમંત્રી તથા મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય, શિક્ષણ, વીજળી અને માર્ગ-માળખાંના વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે અને આવા વિકાસ કાર્યોના પરિણામે લોકોના જીવનસ્તરમાં નોંધપાત્ર સુધારો થશે અને તેમનું જીવન ધોરણ ઊંચું આવશે.

# જાગૃતિ ઉત્તર બુનિયાદી વિદ્યામંદિર પીલુડા ખાતે પોક્સો એક્ટ અવેરનેસ પ્રોગ્રામ યોજાયો



**ટ્રેન્ડ ગુજરાત , તા.૩૧**
થરાદ તાલુકાના પીલુડા ખાતે આવેલ જાગૃતિ ઉત્તર બુનિયાદી વિદ્યામંદિર ખાતે તાલુકા કાનૂની સેવા સમિતિ દ્વારા પોક્સો એક્ટ અવેરનેસ પ્રોગ્રામ નું આયોજન કરવામાં આવ્યું હતું, કાર્યક્રમ ની શરૂઆત સવારની પ્રાર્થનાથી કરવામાં આવી હતી, ત્યારબાદ તાલુકા કાનૂની સેવા સમિતિ થરાદ કોર્ટમાંથી આવેલ પી.એલ.વી. વક્તા શ્રી ધુમડા શૈલેષકુમાર એમ દ્વારા ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને પોક્સો એક્ટ ની માહિતી આપવામાં આવી હતી, આ પ્રોગ્રામમાં બાળકો સાથે થતી જાતીય સતામણી અને પોક્સો અધિનિયમ ૨૦૧૨ અન્વયે ગુનાઓ થતાં અટકાવવા તેમજ ગુનો આચરનાર માટેની સજા, બાળકોને રક્ષણ, સાર સંભાળ, ગુના પહેલા રક્ષણ, ગુનાની ગંભીરતા એ તમામ વિષયની વક્તા દ્વારા સરસ કાનૂની માહિતી આપી માહિતગાર કર્યા હતા, આ પ્રોગ્રામમાં શાળાના આચાર્યશ્રી અમરતજી પુરોહિત, શાળાનો સંપૂર્ણ સ્ટાફ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# વાવ પોલીસ સ્ટેશનના બાળાત્કાર તથા પોક્સોના ગુનાના છેલ્લા દોઢ વર્ષથી નાશતા ફરતા આરોપીને પકડી પાડતી પેરોલ ફર્લો સ્કોડ વાવ-થરાદ




**ટ્રેન્ડ ગુજરાત , તા.૩૧**
પોલીસ મહાનિરીક્ષક શ્રી ચિરાગ કોરડીયા સાહેબ સરહદી રેન્જ કચ્છ ભુજ તથા વાવ-થરાદ જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી ચિંતન તેરૈયા સાહેબ નાઓએ જીલ્લાના અલગ અલગ ગુનાના ઘણા સમયથી નાશતા ફરતા આરોપીઓ પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના કરતા શ્રી આર.એસ દેસાઈ પોલીસ ઈન્સપેક્ટર ઈ.ચા પેરોલ ફર્લો સ્કોડ જિ.વાવ-થરાદનાઓના માર્ગદર્શન હેઠળ.

પેરોલ ફર્લો સ્કોડ જિ.વાવ-થરાદના પોલીસ સ્ટાફના કર્મચારીઓને હ્યુમન ઈન્ટેલીજન મારફતે માડીતી મળેલ કે વાવ પોલીસ સ્ટેશન ગુ.ર .નં. ૧૧૧૯૫૦૩૦૨૪૦૩૪૬ ઈ.પી.કો ક.૩૭૬(૨)(એન), ૩૫૪, ૩૫૪(એ), (આઈ), ૧૧૪ તથા પોક્સો એક્ટ ક.૬, ૧૭ તથા ઈમોરલ ટ્રાફિકીંગ એક્ટ ક.૪(૧), ૯,૫(૧-ડી) મુજબના કામના આરોપી અરવિંદભાઈ ગંગારામભાઈ જાતે.પટેલ ઉ.વ.૩૩ ધંધો.ખેતી રહે.દુધવા તા.સુઈગામ વાળો છેલ્લા દોઢ વર્ષથી નાશતો ફરતો હોય જે તેની ધરપકડ ટાળતો ફરતો હોય જે બાબતે હ્યુમન ઈન્ટેલીજન તેમજ ટેક્નીકમ મદદથી તેને દુધવા તા.સુઈગામ ખાતેથી પકડી પાડી કાયદેસરની કાર્યવાડી કરી આગળની તપાસ સારૂ વાવ પો.સ્ટે આપતી પેરોલ ફર્લો સ્કોડ વાવ-થરાદ

પકડાયેલ આરોપી :
અરવિંદભાઈ ગંગારામભાઈ જાતે.પટેલ ખેતી રહે.દુધવા તા.સુઈગામ

કામગીરીમાં જોડાયેલ અધિકારી/કર્મચારી
(૧)શ્રી આર.એસ દેસાઈપોલીસ ઈન્સપેક્ટર ઈ.ચા પેરોલ ફર્લો સ્કોડ
(૨) એ.એસ.આઈ અશોકભાઈ સજાભાઈ પેરોલ ફર્લો સ્કોડ
(૩) અ.હેડ.કો વિક્રમભાઈ વસ્તારામ પેરોલ ફર્લો સ્કોડ
(૪)અ.હેડ.કોન્સ. રઘુભાઈ લક્ષ્મણભાઈ પેરોલ ફર્લો સ્કોડ
(૫) અ.પો.કોન્સ. અમરસિંડ ભુરસિંડ પેરોલ ફર્લો સ્કોડ
(૯) આ.પો.કોન્સ. મહેશદાન દેવીદાન પેરોલ ફર્લો સ્કોડ
(૭) આ.પો.કોન્સ.જાલાજી દિવાનજી પેરોલ ફર્લો સ્કોડ

# બાંગ્લાદેશના પ્રથમ મહિલા વડાંપ્રધાન ખાલિદા ઝિયાનું નિધન



ઢાકા, તા.૩૦

બાંગ્લાદેશના પૂર્વ વડાંપ્રધાન ખાલિદા ઝિયાનું આજે ૮૦ વર્ષની વયે નિધન થયું છે. તેઓ ઘણા સમયથી બીમાર હતા અને હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. હાલમાં જ તેમના પુત્ર વર્ષો બાદ બાંગ્લાદેશ પરત ફર્યા હતા. બાંગ્લાદેશ નેશનલ પાર્ટીએ ઠ પર પોસ્ટ કરી જણાવ્યું, કે આજે ફજરની નમાઝ બાદ સવારે ૬ વાગ્યે ખાલિદા ઝિયાએ અંતિમ શ્વાસ લીધા. નોંધનીય છે કે ખાલિદા ઝિયાને લીવર, ડાયાબિટીસ તથા હૃદય રોગની બીમારી હતી અને છેલ્લા દિવસથી તેઓ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા. તેમના નિધન બાદ હવે ્ઙની કમાન તેમના પુત્ર તારિક રહેમાનના હાથમાં રહેશે. તેઓ અત્યાર સુધી કાર્યકારી પ્રમુખ તરીકે કામ કરી રહ્યા હતા. તેઓ જેલની સજાના ડરથી શેખ હસીના શાસનકાળ દરમિયાન બાંગ્લાદેશ છોડી જતાં હતા. જોકે હાલમાં જ તેઓ ૧૭ વર્ષ બાદ બાંગ્લાદેશ પરત આવ્યા છે. બાંગ્લાદેશના રાજકારણમાં ત્રણ દાયકાથી બે બેગમ વચ્ચે લોહિયાળ યુદ્ધ ચાલી રહ્યું હતું. યુદ્ધના મુખ્ય પાત્રો હતા બે શક્તિશાળી મહિલા નેતા: શેખ હસીના વાજેદ (અવામી લીગ) અને બેગમ ખાલિદા ઝિયા (બાંગ્લાદેશ નેશનલિસ્ટ પાર્ટી- ). એક સમયે બંને સામૂહિક રીતે સરમુખત્યારશાહી સામે લડી હતી, પણ સત્તાની લાલચમાં બંને એકબીજાની દુશ્મન બની બેઠી. જોકે હવે શેખ હસીના ભારતમાં છે જ્યારે આજે ખાલિદા ઝિયાનું નિધન થયું છે. એવામાં હવે બાંગ્લાદેશમાં નવા જ પ્રકારનું રાજકારણ જોવા મળશે. ૩૦ મે, ૧૯૮૧ના રોજ, પૂર્વ રાષ્ટ્રપતિ અને ખાલિદા ઝિયાના પતિ, જનરલ ઝિયાઉર રહેમાનની પણ ચિત્તાગોંગમાં લશ્કરી બળવાખોરોએ હત્યા કરી દીધી. એ સમયે ખાલિદા ઝિયા ગૃહિણી હતા. પતિના અવસાન પછી તેમણે પતિએ સ્થાપેલી પાર્ટી સુકાન સંભાળ્યું અને રાજકારણમાં પગ મૂક્યો.વર્ષ ૧૯૭૮માં જનરલ ઝિયાઉર રહેમાન દ્વારા બાંગ્લાદેશ સેનાના પ્રમુખ બનાવાયેલા હુસૈન મુહમ્મદ ઈર્શાદને ઝિયાઉર રહેમાનની હત્યા બાદ સત્તાલાલસા જાગી. તેમણે ૧૯૮૨માં સૈન્ય તખ્તાપલટ કરીને તત્કાલીન રાષ્ટ્રપતિ અબ્દુલ સત્તારની સરકાર ગબડાવી દીધી અને પોતે રાષ્ટ્રપતિ બનીને સંપૂર્ણ અધિકારો હાંસલ કરી લીધા. માર્શલ લૉ લાદીને તેમણે રાજકીય પ્રવૃત્તિ પર પ્રતિબંધ મૂક્યો, રાજકીય પક્ષો ભંગ કર્યા અને વિરોધી નેતાઓને જેલમાં ધકેલી દીધા. પોતાની સરમુખત્યારશાહી પર ઢાંકપિછોડો કરવા તેમણે ૧૯૮૩માં 'જાતીય પક્ષ' નામની પાર્ટીની સ્થાપના કરી. ઈર્શાદને સત્તા પરથી હટાવવા માટે શેખ હસીના વાજેદ અને ખાલિદા ઝિયા એક થયા. ૧૯૮૭માં શરુ થયેલા આ આંદોલનને વ્યાપક લોકસમર્થન મળ્યું. આખરે ૪ ડિસેમ્બર ૧૯૯૦ના રોજ ઈર્શાદે રાષ્ટ્રપતિપદેથી રાજીનામુ આપવું પડ્યું. ૧૯૯૧માં ભ્રષ્ટાચારના આરોપ હેઠળ તેમની ધરપકડ થઈ. વર્ષ ૧૯૯૧થી ૨૦૨૪ના દરમિયાન બંને બેગમોના પક્ષની દુશ્મનાવટ ઉગ્ર બની. બંનેએ એકબીજા પર ભ્રષ્ટાચાર, આપખુદ શાસન અને હિંસા ફેલાવવાના આરોપ મૂક્યા. ૨૦૦૪માં શેખ હસીના પર ગ્રેનેડ હુમલો થયો, જેમાં ૨૪ લોકો માર્યા ગયા.

હસીનાએ આ હુમલા માટે ખાલિદા ઝિયાના પુત્ર તારિક રહેમાનને દોષી ઠેરવ્યા. હસીના સરકાર જેલમાં નાંખી દેશે એવા ડરથી તારિક ૨૦૦૮માં લંડન ભાગી ગયા. ૨૦૧૮માં હસીના સરકારે ભ્રષ્ટાચારના કેસમાં ખાલિદા ઝિયાને જેલમાં ધકેલી દીધા.

# મહારાષ્ટ્રના ભાંડુપ સ્ટેશન પર સર્જાઈ મોટી બસ દુર્ઘટના

મુંબઈ, તા.૩૦

મહારાષ્ટ્રમાં એક મોટો માર્ગ અકસ્માત થયો હોવાનું જાણવા મળ્યું છે. મુંબઈના ભાંડુપ વેસ્ટ સ્ટેશન રોડ કેમ્પસ પર બેસ્ટ બસે અનેક મુસાફરોને કચડી નાખ્યાં હતાં. પ્રાથમિક માહિતી મુજબ, બસને રિવર્સ લેતી વખતે મુસાફરોને અડફેટે લીધા હતાં. આ ઘટનાના કારણે લોકોમાં ગભરાટ ફેલાયો હતો. 4 લોકોના મોત થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે ભાંડુપ (પશ્ચિમ)માં સ્ટેશન રોડ પર આ ઘટના બની છે. બસ રિવર્સ કરતી વખતે અનેક મુસાફરોને અડફેટે લીધા હતાં. આ દરમિયાન 4 લોકો મોત થયાં હોવાનું જાણવા મળ્યું છે. BMC ના MFB કંટ્રોલ દ્વારા આ સમગ્ર ઘટનાની જાણની કરવામાં આવી છે. 9થી પણ વધારે લોકો ઘાયલ થયા હોવાની શક્યતા છે. આ ઘાયલોને નજીકના હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અકસ્માતની જાણ થતાની સાથે જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ અને તપાસ શરૂ કરી દીધી છે.રેલ્વે સ્ટેશન નજીક રાહ જોઈ રહેલા મુસાફરોને BEST ઈલેક્ટ્રિક બસે અડફેટે લીધા હતા. આ ઘટનાસ્થળે હૃદયદ્રાવક દ્રશ્યો સર્જાયા હતા. તંત્ર દ્વારા પણ રાહત અને બચાવ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. સૂત્રો દ્વારા એવું પણ જાણવા મળ્યું છે કે, પોલીસ દ્વારા બસ ડ્રાઈવરની ધરપકડ કરી લેવામાં આવી છે.આ સમગ્ર મામલે મુંબઈ પોલીસના જોઈન્ટ સીપીએ જણાવ્યું કે, અત્યારે ઘાયલોની સારવાર કરવામાં આવી રહી છે અને સંપૂર્ણ તપાસ ચાલી રહી છે. તેમના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ડીસીપી) ઘટનાસ્થળે હાજર છે. આ ઘટના રાત્રે 10 વાગ્યાની આસપાસ બની હતી. અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.વધારે વિગતે જોવા જઈએ તો, મુંબઈ ફાયર બ્રિગેડ, સ્થાનિક પોલીસ, BEST બસ સ્ટાફ અને 108 એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી ગઈ છે. અધિકારી દ્વારા આપવામાં આવેલી જાણકારી પ્રમાણે કે પ્રારંભિક તપાસ પ્રમાણે આ ઘટનામાં લગભગ 9થી વધારે લોકો ઘાયલ થયા છે. જોકે, ઈજાઓની ચોક્કસ સંખ્યા અને ગંભીરતા વિશે હજી તપાસ કરવામાં આવી રહી છે.

# કેદારનાથ-બદ્રીનાથના પહાડોમાં હજુ સુધી સ્નો-ફોલ નહીં



ઉત્તરાખંડ, તા.૩૦

ડિસેમ્બર મહિનો હવે પૂર્ણતાના આરે છે અને નવા વર્ષના આગમનને આડે ગણતરીના કલાકો બાકી છે, તેમ છતાં ઉત્તરાખંડના પહાડો હજુ પણ બરફવગર વેરાન લાગે છે. સામાન્ય રીતે આ સમયે કેદારનાથ અને બદ્રીનાથ ધામ પથી ૮ ફૂટ બરફથી ઢંકાયેલા હોય છે, પરંતુ આ વર્ષે કુદરત કંઈક અનોખો જ મિજાજ જોવા મળી રહ્યો છે.ઉત્તરાખંડના પ્રખ્યાત પર્યટન સ્થળ ઔલી અને ચંબામાં દર વર્ષે આ સમયે સ્નો-ફૉલનો આનંદ લેવા પર્યટકો ઉમટી પડતા હોય છે. આ વર્ષે પણ નવા વર્ષની ઉજવણી માટે મોટી સંખ્યામાં સહેલાણીઓ પહોંચ્યા છે, પરંતુ બરફ ન હોવાને કારણે તેમના ચહેરા પર માયૂસી જોવા મળી રહી છે. માત્ર પર્યટકો જ નહીં, સ્થાનિક વેપારીઓ અને ખેડૂતો પણ ચિંતામાં છે, કારણ કે બરફવર્ષા ન થવાને કારણે બાગાયતી ખેતી પર જોખમ તોળાઈ રહ્યું છે.હવામાન નિષ્ણાત પ્રોફેસર ડૉ. ચંદ્રમોહનના જણાવ્યા અનુસાર, આ વર્ષે 'વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ' સતત નબળું રહ્યું છે. જ્યારે આ સિસ્ટમ મજબૂત હોય છે, ત્યારે જ પહાડોમાં બરફવર્ષા અને મેદાની વિસ્તારોમાં વરસાદ પડે છે. આ વખતે નવેમ્બર અને ડિસેમ્બરમાં કોલ્ડવેવ, ધુમ્મસ અને ઝાકળનું પ્રમાણ પણ નહિવત રહ્યું છે, જેના કારણે ઠંડીએ પણ પોતાનું રૌદ્ર સ્વરૂપ બતાવ્યું નથી.હિમાલયના બદલાતા સ્વરૂપ અને બરફની અછતને લઈને નિષ્ણાતોમાં મુખ્યત્વે બે અલગ-અલગ મત જોવા મળી રહ્યા છે. એકતરફ, સ્પેસ એપ્લિકેશન સેન્ટર (અમદાવાદ)ના પૂર્વ વૈજ્ઞાનિક ડૉ. એમ.એમ. કિમોઠી આ સ્થિતિને ક્લાયમેટ ચેન્જના ગંભીર સંકેત તરીકે જુએ છે; તેઓ જણાવે છે કે બદ્રીનાથમાં હવે એવી નવી વનસ્પતિઓ જોવા મળી રહી છે જે અગાઉ ક્યારેય ઉગતી નહોતી અને હિમાલયની 'ટ્રી-લાઇન' પણ સતત ઉપર તરફ ખસી રહી છે, જે ચિંતાજનક ફેરફાર છે. બીજી તરફ, દેહરાદૂન હવામાન કેન્દ્રના ડાયરેક્ટર ડૉ. સી.એસ. તોમર આ પરિસ્થિતિને એક સામાન્ય પ્રક્રિયા ગણાવે છે. તેમનું માનવું છે કે ઉત્તરાખંડમાં નવેમ્બર અને ડિસેમ્બર મહિના હંમેશા શુષ્ક રહ્યા છે અને ભૂતકાળમાં પણ વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૩માં આ સમયગાળા દરમિયાન હિમવર્ષા નહોતી થઈ, પરંતુ ત્યારબાદ જાન્યુઆરીમાં ભારે હિમપાત નોંધાયો હતો.હવામાન વિભાગે નવા વર્ષ નિમિત્તે એક રાહતના સમાચાર આપતા જણાવ્યું છે કે, ૩૧ ડિસેમ્બરથી ૨ જાન્યુઆરી દરમિયાન એક શક્તિશાળી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ એક્ટીવ થવા જઈ રહ્યું છે, જે લાંબા સમયથી પ્રતીક્ષામાં રહેલા હિમવર્ષાના દુષ્કાળનો અંત લાવી શકે છે. આ સિસ્ટમની અસરને લીધે ઉત્તરકાશી, ચમોલી, રુદ્રપ્રયાગ અને પિથોરાગઢ જેવા જિલ્લાઓમાં ૩૨૦૦ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતા વિસ્તારોમાં ભારે બરફવર્ષા થવાની પ્રબળ શક્યતા છે. માત્ર પહાડો જ નહીં, પરંતુ મેદાની વિસ્તારો જેવા કે હરિયાણા અને દિલ્હી-દ્ગઝ્રઇમાં પણ ૨ જાન્યુઆરી પછી કાતિલ ઠંડી, શીતલહેર અને ગાઢ ધુમ્મસ સાથે તાપમાનમાં મોટો ઘટાડો જોવા મળશે. હવામાનમાં આવનારા આ પલટાને કારણે પ્રવાસીઓ અને સ્થાનિક વેપારીઓમાં ફરી આશા જાગી છે કે નવા વર્ષનું આગમન બરફની મનોહર સફેદ ચાદર સાથે થશે.

# બનાસકાંઠા અને ધ્રાંગધ્રામાં બે ભયાનક અકસ્માત, ૪ વ્યક્તિઓના કરૂણ મોત


અમદાવાદ,તા.૩૦

ગુજરાતમાં માર્ગ અકસ્માતોનો સિલસિલો યથાવત રહ્યો છે. સોમવારે રાત્રે રાજ્યના બે અલગ-અલગ જિલ્લાઓમાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતોમાં કુલ ૪ લોકોએ જીવ ગુમાવ્યા છે. બનાસકાંઠાના વડગામમાં રીક્ષા અને પીકઅપ ડાલા વચ્ચેની ટક્કરમાં બે મહિલાઓના મોત થયા છે, જ્યારે સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રા-માલવણ હાઈવે પર કાર પલટી જતાં બે યુવાનો કાળનો કોળિયો બન્યા છે.બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના લીંબોઈ નજીક એક દર્દનાક અકસ્માત સર્જાયો હતો. વડગામથી લીંબોઈ જતી પેસેન્જર રીક્ષાને પૂરઝડપે આવી રહેલા એક પીકઅપ ડાલાએ જોરદાર ટક્કર મારી હતી.


અકસ્માત એટલો ભયાનક હતો કે રીક્ષામાં સવાર લીંબોઈ ગામની બે મહિલાઓના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યા હતા.ઘટનાની જાણ થતા જ વડગામ પોલીસ કાફલો દોડી આવ્યો હતો અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડી પીકઅપ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાને પગલે સમગ્ર લીંબોઈ ગામમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

બીજી તરફ, સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા-માલવણ હાઈવે પર હરીપર ગામ નજીક ગત મોડી રાત્રે એક કારચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર પલટી ખાઈને રોડ સાઈડના ખાડામાં ખાબકી હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા ક્રિપાલસિંહ ઝાલા અને બોનિલભાઈ દેસાઈ નામના બે યુવાનોને તબીબોએ મૃત જાહેર કર્યા હતા. કારમાં સવાર અન્ય બે યુવાનોને પણ નાની-મોટી ઈજાઓ પહોંચતા તેમને ૧૦૮ મારફતે નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. હાઈવે પર વારંવાર સર્જાતા અકસ્માતોને લીધે સ્થાનિકો અને વાહનચાલકોમાં વહીવટી તંત્ર સામે ભારે ચિંતા અને રોષ જોવા મળી રહ્યો છે.

# ચીનની ૨૦૨૬માં ૯૩૫ ચીજવસ્તુઓ પરનો ટેરિફ ઘટાડવાની જાહેરાત



ચીને આગામી વર્ષથી ૯૩૫ ચીજવસ્તુઓ પર આયાત જકાતમાં ઘટાડો કરવાની જાહેરાત કરી છે. ચીન માત્ર નિકાસ પર ધ્યાન આપે છે અને આયાત ખૂબ ઓછી કરે છે તેવી ટીકાઓનો જવાબ આપવા ચીને આ મહત્વનું પગલું હાથ ધર્યું ટેરિફ કમિશને જાહેરાત કરી છે કે નવા ટેરિફ દર ૧ જાન્યુઆરી, ૨૦૨૬ થી અમલમાં આવશે. આ ઘટાડો 'મોસ્ટ-ફેવર્ડ-નેશન' દરો કરતા પણ ઓછો હશે. આ પગલાનો હેતુ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારો વચ્ચે તાલમેલ વધારવા અને ઉચ્ચ ગુણવત્તાવાળી વસ્તુઓનો પુરવઠો વધારવાનો છે. ચીન તેના ટેકનોલોજી ક્ષેત્રને આત્મનિર્ભર બનાવવા અને ગ્રીન ડેવલપમેન્ટને પ્રોત્સાહન આપવા માટે નીચે મુજબના ફેરફારો કરશે. ટેકનોલોજીક્ષેત્રે મુખ્ય ઘટકો અને અદ્યતન સામગ્રી પર ટેરિફ ઘટાડાશે. આરોગ્યક્ષેત્રે લોકોની સુખાકારી માટે કૃત્રિમ રક્તવાહિનીઓ જેવી તબીબી પ્રોડક્ટ્સ પર ટેરિફ ઘટાડાશે. ઈન્ટેલિજન્ટ બાયોનિક રોબોટ્સ અને બાયો-એવિએશન કેરોસીન જેવી નવી શ્રેણીઓ ઉમેરવામાં આવશે.ચીનના સત્તાવાર આંકડા મુજબ, દેશનો કુલ વિદેશી વેપાર આશરે ૫.૮૨ ટ્રિલિયન યુએસ ડોલર રહ્યો છે. જેમાં નિકાસ ૩.૪૬ ટ્રિલિયન ડોલર છે જ્યારે આયાત માત્ર ૨.૩૭ ટ્રિલિયન ડોલર છે. વર્ષોથી ચીન પર આક્ષેપ થતો રહ્યો છે કે તે માત્ર ટ્રેડ સરપ્લસ (વેપારમાં નફો) વધારવા પર જ ધ્યાન આપે છે.આર્થિક સહયોગ ગાઢ બનાવવા માટે ચીન તેના ૩૪ ટ્રેડિંગ પાર્ટનર્સ સાથે અગાઉના મુક્ત વ્યાપાર કરારો મુજબ જકાત દરો ચાલુ રાખશે. વધુમાં, ચીન સાથે રાજદ્વારી સંબંધો ધરાવતા ૪૩ સૌથી ઓછા વિકસિત દેશો માટે ૧૦૦% ટેરિફ લાઈન્સ પર 'ઝીરો-ટેરિફ' સારવાર પણ જાળવી રાખશે.



"THIS NEWSPAPER/PERIODICAL IS PUBLISHED BY RIJVAN MANSURI FROM A 12 MULCHAND PARK, PETHAPUR, DISTRICT GANDHINAGAR, GUJARAT – 382610 ON BEHALF OF RIJVAN MANSURI, EDITED BY RIJVAN MANSURI AND PRINTED BY THAKAR ILEVAN HASMUKHRAI AT JAY GRAPHICS AND PRINTERS, C/15, VIKRAM CHAMBERS, INCOME TAX, ASHRAM ROAD, AHMEDABAD – 380009."